.વિષય:- ગુજરાતી ધોરણ:- 6 પ્રથમ સત્ર

પાઠ :- 8 રામ રાખે તેમ રહીએ યુનિટ ટેસ્ટ કુલ ગુણ ૨૫

.................................................................................................

**1. નીચેનાં વાક્યોમાં લીટી કરેલા પદના સ્થાને કૌંસમાંથી તેના જેવા અર્થવાળો શબ્દ પ્રયોજી વાક્ય ફરીથી લખો : 4**

1. કેટલાક માણસોને <u>હીરનાં</u> ચીર પહેરવા મળે છે. (ખાદીનાં, રેશમનાં, સૂતરનાં)

2. કેટલાક લોકોને ભોજનમાં <u>શીરો ને પૂરી</u> જ ગમે છે. (મિષ્ટાન્ન, રોટલી, ભાત)

3. કેટલાક પોતાના <u>મહેલમાં</u> રહેતા હોય છે. (માળિયામાં, પ્રાસાદમાં, ઝૂંપડીમાં)

4. તકિયાને <u>અઢેલીને</u> બેસવાની મજા પડે. (બેસાડીને, પાથરીને, ટેકો લઈને)

**2 'પહેરવું' ઉપરથી 'પહેરવા' શબ્દ બન્યો છે એ ધ્યાનમાં લઈ 'વા' પ્રત્યય લગાડીને નીચે દર્શાવેલ ક્રિયાવાચક શબ્દોને બદલીને ફરીથી લખો તેમજ મોટેથી વાંચો. 8**

| | |
|---|---|
| લખવું - | સૂવું – |
| ઓઢવું - | જવું- |
| બોલવું - | દોડવું – |
| જોવું - | ગાવું - |

**3 ફકરો વાંચી પ્રશ્નોના જવાબ તમારી ભાષામાં લખો. 10**

લગભગ 500 વર્ષ પૂર્વે જોધપુરની બાજુના મેડતા ગામમાં એક છોકરીનો જન્મ થયો. જે આજે મીરાંબાઈના નામે ઓળખાય છે. બહુ જ નાની ઉંમરથી તે કૃષ્ણની ભક્તિના રંગે રંગાતી ગઈ. કૃષ્ણને જ પતિ તરીકે સ્વીકારીને જાણે જીવન જીવતાં હોય તેમ જીવ્યાં. જોકે તેમના લગ્ન મેવાડના મહારાણા ભોજરાજ સાથે થયાં. તેઓ પણ તેમની કૃષ્ણભક્તિમાં આડે ન આવ્યા. તેમણે તેઓને રાજમહેલમાં જ કૃષ્ણમંદિર બનાવી આપ્યું. થોડાક સમયમાં ભોજરાજજીનું અવસાન થયું.

કહે છે કે મીરાંબાઈને ઝેર આપવાનો પ્રયત્ન થયો, તેઓ 'ઝેર તો પીધાં છે જાણી જાણી' કહી ઝેર પી ગયાં અને એક અમર ભજન રચાયું. એવાં ઘણાં ભજનોની રચના થતી ગઈ અને એમના કંઠે ગવાતાં ગવાતાં જાણીતી થઈ. વ્રજભાષા, મારવાડી ભાષા તેમજ ગુજરાતી ભાષામાં તેઓની રચનાઓ પ્રાપ્ત થાય છે.

shikshansagar.com શિક્ષણ સાગર The King of Education

પ્રશ્નો :

1. મીરાંબાઈનો જન્મ જે ગામમાં થયો તેનાથી નજીક આવેલા શહેરનું નામ શું છે?

2. મીરાંબાઈ બહુભાષીય કવયિત્રી હતાં એમ કઈ રીતે કહી શકાય?

3. મીરાબાઈનાં લગ્ન રાજવી પરિવારમાં થયાં હતાં તેમ કહી શકાય? કઈ રીતે?

4. ફકરામાં 'ઝેર આપવાનો પ્રયત્ન થયો હતો' તેમ લખ્યું છે. આમ લખવાનું કારણ શું હશે?

5. મીરાંભાઈનો જન્મ આશરે કેટલામી સદી પહેલાં થયો હતો?

**4. આ એકમમાં તમે શીરો-પૂરી બાગ-બગીચા જેવા શબ્દો જોયા છે તે મુજબ સાથે બોલીને વિશિષ્ટ અર્થ બનતો હોય તેવા શબ્દોનાં જોડકાં બનાવો.** **3**

| | |
|---|---|
| અ | રોટલી, દાળ, રાત, ચડતી, દાણા, અન્ન, આડોશ |
| | |
| બ | ભાત, પાડોશ, પડતી, જળ, પાણી, શાક, દિવસ |

shikshansagar.com · The King of Education · શિક્ષણ સાગર